શ્રી ગણેશાયનમઃ

ફૂલાદે નાટકનાં ગાયન

SHRI. P. A. સંસાર નાટક

બનાવનાર

નાયક નરહરિશંકર નારાયણ પાંચે

પ્રસિદ્ધ કરનાર

દ્વિવેદી હસમુખરામ

તથા

શા. ભીખાભાઈ ર

ગ્રંથ સ્વામિત્વના સર્વ હક કંપ-
છે માટે કંપનીની રજા શી
છપાવવું, વેચવું, વેચાવ

અમદાવાદ

સિવિલ હૉસ્પીતાલ પાસે

વિશ્વેશ્વર પ્રેસમાં ઈશ્વરદાસે

સંવત ૧૯૫૭ સ

કીંમત બે આના

મુખ્ય પાત્રોનાં નામ.

ખુમાણુસીંહ...............મેવાડનો રાણો.

કેસરીસીંહ............... તેનો દીકરો.

શીલ.................. ખુમાણસીંહનો ભત્રીજો.

ફુલાદે...................કેશરીસીંહની સ્ત્રી.

મહમદખાં................કેશરીસીંહનો દારૂડીઓ દોસ્ત.

નમી...................મહમદખાંની રાખેલી નાયકા (વટલેલ
લીહુવાણી)

કસ્તુરચંદ...............રાજ્યનો કોઠારી

ચીમનલાલ...............કસ્તુરચંદનો છોકરો.

સૌભાગ્યસીંહ.............ગુજરાતનો રાજા.

કેસર.................. તેની પુત્રી ફુલાદેની બ્હેન

બાળસીંહ................સેનાપતિ

વ્યંકટરાવ............પ્રધાન

દરબારીઓ, વારાંગનાઓ, દાસીઓ, સીપાઇઓ વીગેરે.

દૂલાદે નાટકના ગાયનો.

સુત્ર નટી— ૧

શ્રી પરમ પ્રભુ વંદન કરીએ, નુંખલક મણી ધ્યાનજ ધરીએ,
પારબ્રમ તારી, અદભુતકારી, સૃષ્ટી ભાચારી, પાપીઓ હારી;
કરત લાચારી, અધમ ઉધારી. શ્રી.
નારાયણના નાભી કમળમાંથી બ્રહ્મા પ્રગટ થાયરે;
ઉદય સમય એ અસ્ત સમય આ ભકતજનો અકળાયરે;
વીકટ વખતનુ નાટક કરીએ, પડીએ હરીજન પાયરે. શ્રી.

નટી— ૨

શ્રી ગણપતી, શુભ પદ મતી;
આપો વીમળમતી શ્રી.
કાપો પ્રભુ કુમતી શ્રી, એ ઓ ઓ એ શ્રી.
ધારેલાં કારજ ફળી ભુત થાજ્યો;
ધર્મ વીજય જગદીશ વીજય થાજ્યો.
શ્રી ગુરૂપદને વરૂ હુ. શ્રી.

કેસરી મહમદખાંન— ૩

વારે વા વારે આ લાલ દારૂની છે કેવી મજા;
જનમીને જેણે સ્વાદ ન લીધો આ તેને સજા.
વા અજબરંગ, વા વાહ અજબરંગ;
ખુબ પીઓ લાલરે દારૂ ખુબ પીઓ લાલરે.
ઉડાવ્યું તેટલું આવે એ જેટલું પીલ્યો રે વારે.—

શેઠ— ૪

પ્યારા મીત્ર કહું તને આજ, હવે આવે અતીશય લાજ;
ભોળા ભુમીપતી મહારાજ, તેના પાટવી રંડીબાજ.
ઉંચ કુળમાં એ અંગારો, નીર્મળમાં નીવડયો એ ખારો
સૌથી રહેતો હરનીશ ન્યારો, ઘેરાણો ખગરાજ......પ્યારા.
માત પીતા સૌ છે પુન્યશાળી. ધર્મપર નીશ્ચે મુકી પાળી,
અમર લીધી ટીલી કાળી, શું રે થશે શીરતાજ.........પ્યારા.

શેઠ— ૫

પાયમાલ કરો પરમ ધરમ પાટવીરે
અરેરે હો મોટા ભાઇ દશારે આથી શી થવી.
ઉત્તમ કુળને ધુળ ધણી કરો રાજવીરે
અરેરે હો મોટા ભાઇ દશારે આથી શી થવી.
નીતી નરકે નાંખી, નકટા થઇ ગયા રાણા
કુસંગે શું વહી ગયા શાણા બનીયા પાણા
ધીક છે ધીક છે ધીક તમારા આચારનેરે
અરેરે હો ફીટકાર છે તમ જેવા ગમારને.

બધા— ૬

અચ્યુતં કેસવં રામ નારાયણં, કૃષ્ણ દામોદરં વાસુદેવં હરી
સીધવં માધવં ગોપીકા વલ્લભં જાનકીનાયકં શ્રી રામચંદ્ર હરિ.

બધા— ૭

ધીરા ધીરા ધીરવીર શુરવીર, શાને થાઓ રાજવી અરે અધાર;
રોકયા રોને પલક, પરવા નથી ખલક
માફું કરો મહીપતી, મહેર ધરો મન રતી
વીનતી કરીએ સરૂ.........ધીરા.

શૈલ—　　　　　　　　૮

ધીરજ ધરો મહીપતી મન ગંભીર
વટાશે બેજું અવીચારે કંચન કથીર
દોરંગી દુનીયા ફીટ ફીટ કરશે
દુશ્મન સઘળા ફુલાઇ ફરશે
અમીર એ વીચારો પાપીને તો સુધારો...ધીરજ.

કેસરી—　　　　　　　　૯

પીતાજી હું હાલ જાઉં સદાનો વીખુટો થાઉં
પાપીના છે રામરામ છેલ્લા......લ્યો પ્રણામ.
રૂઠયારે નરેશ મારૂં આ અવનીમાં કોઇ નથી

કસ્તુર નની—　　　　　　　　૧૦

જાઓ ઝટ હૈયાના હાર　　જાઉં છું રંગીલી નાર
વ્હેલા ટળજ્યો, ફરી મળજ્યો　　(હેં શું ટળજ્યો)
(નાના ભૂલી ભુલી)　　વહેલા વળજ્યો ફરી મળજ્યો
ખીલાવો જોબનની બહાર...પ્યારા મારા ખીલાવો.
પ્રીતમ પધારજ્યો, સંદેશો લાવજ્યો
જઇ ઝટ આવજ્યો, કોલ ના વીસારીએ
પ્યારી હું જાઉં છું, ગુણ તારાં ગાઉં છું
દાસ તારો થાઉં છું, મુસલમાન વીસારીએ;
વા રૂપાળા ને છોગળા' વેગે ફળોને દીલદાર......જાઓ.

ફુલાદે—　　　　　　　　૧૧

આફત અભાગણીને નડી અણુધારીરે;
વાણી મુજ પતીની મેં સુણી છે નહારીરે.
ચાલ ચલગત નહીં જરીએ ન સારીરે.　　|આફત.

મન મુંઝાયે હવે શું શું થાય;
પડું પ્રભુ પાયે કરો ઝટ સહાય.
શાણી મુજ વાલમ રહ્યા અવિચારીરે. અ.કૃત.

ગરબો— ૧૨

શીતળ શુભ શરદ શશી આજનીરે.
જામી બહાર જુઓ ચંદ્રરાજની;
શ્રૃષ્ટી બની શાંન્ત આમૃ સાચતીરે,
પ્રેમ પુતળી સંપ ઝુલે હીંચતી,
ખીલી હરીઆળી.
જાણે ધરાણી વર્ષ ગાંઠ આજની.
મંદ પવન નીર્મળ મલીન ઠંડો ઠંડો વાય.
વીજ્હળ વનીતા મન વીશે પીયુ ભણકારા થાય.
બાળા વીયોગી નવીન તર્કથી વીતર્ક કરે.
નીસાસો નાંખી નીજ કર્મ પર કર ધરે.
બળી ભયાનક રાત, નીંદડલી વેરણ થઈ...બાળા.
ઝબકી ઉઠી વીરહણી, ભયભીત રાખી ભેદ.
ચંદ્ર જોઈ ભુંડી પડી, પડયા વીરહના છેદ,
એ એ એ નારી, મન વાળી લે મુરખી...શીતળ.

કુસાહે— ૧૩

બેની મારી પરવશ પડયા મારા સ્વામી;
લાગે નકી ટરમમાં કુડી દશા જામી,
કોને કહું શું ગનથી હું મુંઝાઇ મરૂં............પડય.

શરમાતી ફરૂં હું અરે, વીવળ મનડું થાય;
કંઈ કંઈ સુંજે મન વીશે, સંકટ સાને જાય...પડયા,

ફુલાદે સખી— ૧૪

અરે વાહ છબીલી નારી ચટકાળી;
અરે વાહ કામણગારી લટકાળી,
જાઓ જાઓ મને શું ઘેલી બાળી;
હસી હસી રહું છું મન વાળી,
અલી ઓ થોડા બોલી શું સરમાવે, એ, એ એ,
તરૂણ લાળુ લાડી અવળી અડાવે, એ, એ, એ,
દીવાની મસ્તાની કેમ બનીરે;
મદ ઘેલી કેવી બણી ઠનીરે,
અરે વાહ—જાઓ જાઓ—ઓય ઓય...અરે.

ફુલાદે કેશરી— ૧૫

વારે નાજુકડા અરે વારે મારા નાજુકડા;
નટખટ નટવરજી ગભરાવી બાળા;
આલી અણગમતા અરે વારે આલી અણગમતા;
ઝટપટ કેમ કરીઆ કેશું કર્યા ચાળા.
મારીરે માગું તેની એ એ સ્વામી.
ધન્ય ધન્ય નારી— . નહીં ખામી
શાબાશ પ્યારા કેવા ઠગારા;
ભુલાવી દારા.....અરે વારે મારા.

કુસાકે કેશરી— ૧૬

ટાળ્યા નહીંરે ટળે કરમે લખ્યું તે મળે
મારા સ્વામી, વીધી લખીયા લેખ ટાળ્યા નહીંરે ટળે
દશરથ બાંધેલ તલાવડી, શરવણ પાણીડાં ભરે;
ધરમ કરતાં થઇ ધાડરે, આંધળા ઝુરી તો મરે.........મારા.
રામ લક્ષ્મણ ચાલ્યા વનમાં, સીતા રૂદન કરે;
દુષ્ટ દગે સતી લઇ ગયો, પળમાં લંકાગઢ બળે......મારા.
હરીશ્ચંદ્ર જેવો રાજવી, નીચ ઘેર મજુરી કરે;
રાણી વેચી ગણુકા ઘરે, લખીયું કદી ન ફરે.........મારા.

મહમદ નની— ૧૭

આવો આવો મારા રંગીલા, છલબલ વાળા રસીલા;
મન માન્યા છોજી રૂપાળા, શીરોમણી મારા છોગાળા...આવો.
વારે વારે નારી, તું છે કામણગારી
જાઉં છું હું વારી તુમ શરણે છે આ કયારી.
મરમાળા અતી છો બળધારી, કેવી છટાદાર તું પણ પ્યારી;
વારે મારા ચક્ષુ તારા ને ધુતારારે છબીલા..........આવો.

કસ્તુર નની— ૧૮

વા જુવાન વાહ (૨) કેવા દીસો છો જાણે રૂપખાણ.
કેવી ટાલ પડી (૨) માર ટાલી સટવ ટારૂ રામ બાણ;
ધીરે ધીરે ચાલો મન માની મોજ મારશું
આવા આવા રાગ રંગ પરદેશ ધારશું;
હું ઉસ્તાડ મારી નની જાન.
હું પણ ભુલી સઘળું ભાન;
હવે ચાલો ખુબ માલો ટારે ચાલો ચાલો ચાલો.

ફુલાદે— ૧૯

ચાલો પરમારથને કાજેરે, શીશ મુકો વેગળું રે
જામી ધરમની કરણી છાજેરે, લણો ઝટ એ ખળું રે
જગમાં અવીચળ કીરતી રહેશેરે......વીરારે.
બલીહારી સૌ જન કહેશેરે.........રણુ ધીરારે,
શ્રી હરીનું રટણ કરીને, ધર્મ કેસરીઆં કરીએ
ઓ બંકા લઈ આશરો એક સીતા રામનો;
અમર યૌવન નહીં રહેરે, કાલ ખબર નહીં જરીએ...ઓ બંકા.
હું રાય તણી હું બેટીરે. પરમારથ યોગે બળું રે;
સ્વામી મારી માફક બટકેરે, હીરલા તેવાને લળું રે......ચાલો.

મહમદ— ૨૦

ઝટ પકડું જાશે કયાં એ ઉચી,
પટ ઝકડું છે એની પાણ કુંચી
ચોટલો પકડી ખેંચી કાઢું, જોઈએ રાંડ લુચી.
નાક કાપી એને નમાલું, રાખું જગમાં ખુચી......ઝટ.

નન્ની— ૨૧

ધીરે ધીરે આવો રંગીલા છોગાળા;
ગાંડી ઘેલી બેની પ્રીતમ વિચ બાળા
જીવજાન છો, મ્હારા પ્રાણ છો.
તુમ ચરણાંની દાસી પ્રેમની હું છું, રે પ્યાસી;
રસીક છો રૂપાળા, અરે વાહ વાહ. ધીરે.

ફુલારે— ૨૨

શી આ નગરની હતી બલીહારી, નબળા લોકોથી થઇ અરેરે ખુવારી;
ભોળા ભુપાળની વીકટ વખત કરી, ધીક: વીધાતા તારી અવળીરે કારી;
નીરખી અંગે ઉઠે લ્હાય, મન મહીપતી મુંઝાય;
હાયરે ઉજડ થયુંરે નગર આ........શી આ.

છોકરીઓ— ૨૩

ચાલો સૈયર સૌ મળીને; ગાઓ મંગળ મોરમા લળીને
સૌ સરખી વયની વેલડીઓ જઇ સરોવર ફીલો છેલડીઓ...ચાલો.,
આજે આનંદ દીન છે બાળા, કરોને મન ગમતા ચાળા;
ઉરથી ખીલાવી ખુબ કળીને......ચાલો.

અંક બીજો.

યોગીઓ— ૨૪

મને હોંશ ઘણીરે મને હોંશ ઘણી, પણ પરવશ મન આ પીડાયરે. રહ્યમાં.
આશરો તારો અવીચળ રહેશેરે, પૂર્ણ ભરોંસો મને છે ઘણી. રહ્યમાં.
પરીક્ષમે પ્રેમથીરેરે નીહાળ્યારે, ઓચીંન્તુ આવ્યું ચીંતામણી. રહ્યમાં.
કુંડા કુકર્મોને કંઇ નહી સુજેરે, મમતમાં ભોળી પોતા તણી. રહ્યમાં.
વખત આવે તો લઇ લઉં બ ચોરે, મનસુબામાં દુનીયા ચણી. રહ્યમાં.
મનની ઉમેદો મનમાંહી રહેશે તો, લાજ લુંટાશે કોની ધણી. રહ્યમાં.

શેઠ— ૨૫

સુંદીર શીક્ષણ, શીરરે ચડાવું.
શીષ્ય સદાનો આજથી હું થાઉં......સુંદીર.
પરમ હંસ પુજનીક ગુરૂ કૃપા કરી મહાવીર

કલ્પ વૃક્ષ કરમાં કર્યું જય જય ગુણ ગંભીર
રેરે ધુરંધરના યશ ધ્વની ગાઉં...સુંદીર.
પુન્ય મમ પુરવનું પીંગળી ઉકળ્યું.
સત્ય સાગર બળ્યું કેમ થાતું
રેમ મમપર કરી શાંન્તીનો કર ધરી;
આ શીશે ઉદધી હરનીશ ન્હાઉં...સુંદીર.

કુશાદે— ૨૬

આ દુનીઆમાં સાચીરે કોની સગાઇ
સગાં સઉ સ્વારથનાં છે રે ભાઇ
સ્વારથમાં સૌ શરમ છે સમાઇ.........આ.
સ્વાર્થ વીનાના, જવલ્લે પરદુ:ખભંજન;
પરમારથ કરી હરનીશ રહેતા નીરંજન;
સાચા તે શુરવીર, સૌથી સવાઇ......આ.
ધાંટી મોટી આવે મરણુ સમયની જ્યારે
ધડીઓ ગણુાએ ભયકર ભયની ત્યારે
રોઇ કુટી રહે સૌ પીતરાઇ........આ.

કંચનીઓ— ૨૭

સખી પનઘટપર ગીરધારી
વાલે વાંસડલી વગાડી મોહકારી.
ઘુમ છનનન ગાઓ સાહેલીઓ.
એ એ એ.........વાંસડલી વગાડી
ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ
ફ બ ભ મ ય ર લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ

પ્રધાન સેના ઠરબારી— ૨૮

દૂર દૂર નીરલજ શરમ છે ધીક તને,
જાણજેરે એ હેવાન પામર કરે શું મને.
દીવાના મસ્તાના છાનોમાનો મર શું તું બોલે;
દાવ તારા આંટી ઘુંટી આવા વીના કોણ ખોલે.
શાંન્ત થાઓ.
માનો મહીપતી માઠું કોનું થાશે,
જાણો મન રતી કોણ વગોવાશે;
સુભટ કહો શૂરવીરતા શાથી જાશે;
ધીરજ ધરો રાજવી, સાહસે દશા શું થવી,
તોબા મને ન સતાઓ.
ભલે થવાનું હોતે થાઓ.
રામ રામ રામ રામ.

ફુલાદે— ૨૯

શાણા સમજણા વારે રહીઆળા વીર,
સમતા નીર કેવાં નેકી શૂરવીર.
ભલે દુશ્મનો ઉચરે હમે પીર;
ધરમથી જાયે ભલે તોયે માનો શીર;
સવળું કરતાં આડો કોઇ નીચ આવી મળ્યો.
વીખુટાં થયે માનો ધન્ય તરૂવર ફળ્યો.
સત્ય સાગરમાં ઝીલોરે,
વીમળ વારી ગાળી પીલ્યોરે......સમતા.

કેશર સખી— ૩૦

કેને શું કરૂં, ઝુરીરે મરૂં, યૌવન અધીરૂં થાયે,સમજણ મારીજાયે. કેને.
ખુબી તારી અતી ન્યારી, અકળાતી લચકાતી મદમાતી હરખાતી.
ભરમાવો ભલે છું હું ઘેલી, બાળો શાને રહીછું બળેલી.
શાણી મારી શાસ્ત્ર શીખેલી તુ છે ડાહી ભણેલી ગણેલી.
યોવન અધીરૂં થાયે, સમજણ મારી જાયે........કેને.

કેશર સખી— ૩૧

અલી કેમ તું મુરખી થાયરે, મન માન્યા મોહનરે મળે;
શાણી શાને ઉપાધી જાયરે, તન રાત દીવસરે બળે
હશે ન ધણીઆતી નારી, તેને તો દુખડું ભારી;
રાખુ ઉમળકા વારી કહું શું બેની મારી.
સમ મારા રખે અકળાયરે.........મન માન્યા.
કુદરત વાડી ખીલેલી, તરતુકી અમરવેલી.
કોણ જાણે કોણે વાવેલી, તેનો કહો કોણરે બેલી;
બાળા ઉપવન કરમાયરે............મન માન્યા.

નન્નો કેશર.— ૩૨

રસીક મન માન્યા વિના (૨) એળે જનમારોરે;
બોલ નહીં હાવું ફરી, રૂઠયો દીન ત્હારોરે.
યુવા ઝકઝોળ બનેલી નાર સ્વાર્થે નથી મ્હારોરે
પેટ પાળી નજરે ભાળી, એ સુખડો મુંકોને બાળી.
હંસણી કદી ચુકે નહીરે, મોતીનો ચારો.
રેલી કાળીને ચટકાળી પ્રેમી જનથી લઇ લે તાળી;
સીહણુ ભલે ભુખે મરે, ઘાસને કદી નહીં ચરે;

ત્હારાથી હારી હવે વધુ શું હું કહું અરે
બસ રાખો..........................
એમ...............................
ભાવી બનવાનું બને, ટેક છે ત્યાં લગીરે;
માનોને મ્હારૂં તમે, સુધારો જીંદગીરે.

સૈ. કેશર— ૩૩

બાળારે......થઈ ઘેલીરે છટેલી;
ચાળારે......દયો મેલી હું છું વેલી;
વૃક્ષ આશરે નવેલી પ્રેમે લ્યોનેરે વીંટેલી.
જારે જારે તું છે કેવી, નારી જુઓ જોયા જેવી.
છટકેલી........ન જાઓ મેલી............બાળા.

સૌંલ તથા કેશર— ૩૪

શાણા શાથી ફસાસો, કહો તો અરપણ કરૂં છું મમ પ્રાણ;
અવળું અઘટીત થાશે શાને કીરતી કરો છો દબાણ;
અનાથ નોંધારી હતી, થયા પુન્યે ભરથાર;
તુમ દરશણ વીણ આંધળી તરછોડે મરનાર
મારા ગુરૂજીનો હુકમ લેવા દયોને;
રેકઝક વાલમ હવે જવા દયોને.
આશાના અંધારામાંહી ખુબ રખડી. વાલા ખુબ રખડી...શાણા.
જગમાં થાશે મશ્કરી, યોગી મન કચવાય.
જગ સૌ તુમથી તુચ્છ છે ભલે થવાનું થાય;
વળખાં નાહક વીણો છે રમણ રંગીલા મારા

તાત તમારા માથે કેમ કરોરે અકારા.
ન્યારા ન્યારા સૌએ ન્યારા હે સરદાર મમ હે સરદાર.
ધન્ય શુરવીર નાર ધન્ય શુરવીર નાર.

શેઠ કેશર— ૩૫

વાલી મારી નીરમળ મનની, કોમળ વદની બાળારે;
જાઉં વારી સરળ રદયના સુંદીર છો રઢીયાળારે.
પીયુ મારા અતી કામણગારા, જાદુવાળાને ધુતારા,
હઠીલાઇ કરી અવળું ઉચરો અજબ મોહની દારા.
વાવા મારા દીવ્ય તારા ગ્હો નીત્ય શુભ ધારા...વાલી મારી

કેશર— ૩૬

એ એ એ રઢીઆળા વીર,
એ એ એ શુરા શુરવીર
મુનીવર સુખકર......એ એ રઢી.
આનંદ નદીને ઉલટ ધરીને, ઉદધી આમૃરસ દીજીયે;
સુંદીરરે મમ સારંગપાણી અધર પરસ્પર પીજીયે.
એ એ એ વારે માહાવીર એ એ.

કેશર ૩૭

હો રંગભીના રંગીલા રાજ,
થાઓ છો શાને ઘેલા મારા શીરતાજ;
તનમન અરપણ કરૂં છું પ્રેમથી.
વીઘન ટળશે ત્રીપુરારીની રેમથી.....હો રંગ.
મેરૂ ડગે અવની ચળે, ઘટમાં છે મમ પ્રાણ
તરછોડીશ નહીં વાલમા, થાયે જીવની હાણ...હો રંગ.

શૈલ— ૩૮

ફીટ ફીટ ફીટ નીરલજરે તને;
ધીક ધીક ધીક નર નફટ તને કુલ લજામણારે;
અરે ઓ ગમાર; ગુલામ લાચાર;
જનુની લજાવી નીચ તેં હજારવાર;
રે એ———નીમકહરામી કાળા મોના હટ દુર;
જા દુર દુર દુર ફટ.

કેશર— ૩૯

રાજાજી હું માફી માગું, મને મારો સુખેથી,
જીવનહારને ઉગારો, મીંઢળ છુટયા નથી.
સાહસ કરશો તાતજી, પસ્તાશો પ્રતીપાળ;
આપણ સમ્રળું કયાં ગયું, વશ પડીઆં શું કાળ;
મારા પ્રાણુનાથ આ છે પંચ સાક્ષી સાથે.
શીરોમણી બાળાના આ આગ્રા લઇ માથે. રાજાજી.

કુંતાદે— ૪૦

દુખથીરે ડરવુ' કદી નહિ, એતો દશાવીશી ચાલી જાય;
સુખ દુખ સરખું' માનીએ.
સુખથી ફુલાવુંરે જરી નહિ, એતો દશાની બલીહારી;
આનંદ હરનીશ માનીએ
સુકૃતનાં ફળ અતી ઉતમ જોશો;
આફત પોટલો ઓચીંતો ખોશો;
સારાં કે નરસાં ફળ આપનારો એક છે તુંહીં. દુખી.

કેદારો દુમારે— ૪૧

વાલા વનીતા વીસારી કહો શું શું કર્યું;
ઉચરો અધીપતી આપે પરમારથ પદ શું શું ધર્યું.
મારા નાવલીઆ ભરથારરે, આ અબળાના શણગારરે;
રતીપતી ગતી અતી કહો શું શું કર્યું. વાલા.
રઘુવીર રામચંદ્રજી વનમાં રહીને વીકટ સહ્યું;
પરમદયાળુ દેવે સૃષ્ટી સકળનું દુખ ગૃહ્યું.
મારા નાવલીઆ ભરથારરે, આ અબળાના શણગારરે;
મણીધર નટવર કહો શું શું કર્યું. વાલા.

બધા— ૪૨

બોલો હર હર મહાદેવ કરીને પોકાર;
કરો વાર પાપી ઠાર રે આવાર સો સરદાર. બોલો.
ધરણીધાર, પ્રભેકાર, હાહાકારના પોકાર બોલો.
કરો ઘોરને ઘનઘોર. ચઉં શોરને બકોર. બોલો.

સોહ— ૪૩

સું સૂતા છો જગદાનંદન, ઉલટ હવે અકળાય;
અવર નથી આધાર લેશ પણ રદય ખરે ગભરાય,
હાથે તાંતણે પથ્થર બાંધ્યો ડું ડું ડું ડું થાય,
આકાંક્ષા તો મેરૂ બાંધ્યાની, આટલેથીજ પતાય.
આકીન છોડતો હજુએ નથી, આસાઓ મુંઝાય;
કોને કેવી મનની ધાટી, મ્હેર કરો જગરાય.
માલીક સાચા સામુ જોજે, પામર પડું છું પાય.
અણી ધણી વીણુ કોણુ સાચવશે, પાપીજનો હરખાય,

હાંસી થાય છે કોની વીચારો, ભરમ બધો લુટાય;
નીહાળોરે તુમ શરણાગત, આશરો કોનો ગણાય.

અંક ત્રીજો.

કેશરી ફુલાદ— ૪૪

રે જુવાની ઝટતો ચાલી રણમાં હાય રોળાય હાય રોળાય;
રે સુતા શું હીંમત હારી અમરત એળે ઢોળાય એળે ઢોળાય;
ઢોળાય ઢોળાયરે કહો કેમ તેનું થાયરે. રે જુવાની.
ધારેલ દાવ મારા હજુતો આબાદછે, પરિશ્રમ નામના મગજમાં નાદછે
કરવાનું આપણે એ અંતરમાં યાદછે, મન જડયું છે મેખથી તો કોનીરે તાકાદ છે. રે જુવાની.

કેશર શૈલ— ૪૫

કાયા કુંજમંદીરમાં વેણું નાદ કર્યો
રસીક વર ભુલ ભૂલામણીનો ભેખ પેર્યો
બનાવી મુને બાવરીને કોમળ રસીક રસાળજો
મંત્ર ભણી શું અંજળી છાંટી, ઉરમાં રહી મરમાળજો
પ્રાણ તણા પરમેશ્વર મારા, પ્રૌઢ રહો પ્રેમાળ વાલા.
અનાથ અજાણી બાળ વાલા........કુંજ.
કુમ કુમ પગલાં કેશર વરણાં, અબળાના સૃગારરે
આપ થકી શું અધીક હું ઇચ્છું સુંદીર રદયના હારરે.
ગંભીર મન ઉર અંગ અનોપમ નીર્મળના પણ સાર
ભોળી લલનાના ભરથાર........કુંજ.

કેદાર— ૪૬

તારી જગપતીરે બલીહારી; જાઉં અવીનાશી હું વારી.
અવની ઇશ અંતરયામી; સ્મરણથી શત્રુતા વામી.
રે બળધારી અચળીત કારી...તારી.

?— ૪૭

રે આશો ગજબ થયો, કેશું રે થયું
પાળેલું મધુર પ્રેમી, પંખી કયાં ગયું.
પંખી ગયું પીંજર રહ્યું........રે આશો.
ગઇ સાનને સમજ સમજને હાય બન્યોહુતોશની
રે વાલીઃ એ આલી પ્રેમ ભીંજેલી પ્રેમદારે કયાંચાલીરે. રે આશો

કેસરી— ૪૮

રંગ રંગ બનેરે, રંગ, સુતીતી તેં રાખી સંગ;
વિશ્વ સુખ કરીયું ભંગ, જબરો જીત્યો તું જંગ. રંગ.
સંતોષી ત્હારા જેવા, સકળ જાન હોય તેવા;
સોમાંજ એક એવા બ્હાદુર તેને કેહેવા. રંગ.

દાસીઓ— ૪૯

ઘણી ખમા, શાંન્ત થાઓ નરપતી પ્યારા;
રાજા મારા નેકી ટેકી દયાળુ રંક તણા કૃપાળુ પ્યારા. ઘણી.
નેહ ભરેલાં નેણુતે, ફીકાં પડીઆં રાજ;
ધીર ધરોને રાજવી, અકળાઓ શું કાજ. ઘણી.

કેશરી ફુલાદે— ૫૦

મોટાઇ અમે શું કરીએ.....શાણા રાણા........મોટાઇ.

રાજને પાટ જોઈ અવળા દીલ ડોલ્યાંતાં તે.
પરમારથ સીખી મનડાં ખોલ્યારે..................મોટાઈ.
મહેલને માળા જરી નથી ગમતારે;
જુની ઝુંપડીએ રહીશું રમતારે..................મોટાઈ.
જરીઅન વસ્ત્રો પહેરી જોયાં પણ;
ભગવી કફનીમાં દીલડાં મોહ્યાંરે..................મોટાઈ.
મોતીની માળામાં દીઠા અમે બાળારે;
તુલસી માળામાં કૃષ્ણ કાળારે: ....મોટાઈ.
દુનીઆ ભલે કહે બાવાજી નાગારે;
નાગામાં જોયા અમે ધાગારે..................મોટાઈ.

સર્વે પાત્ર— ૫૧

થાઓ જગ વીજય વીજય
શ્રી પરિબ્રહ્મ આશ્રીત સંસાર નાટકનો;
સરવ મંડળ સુખી રાખજયો ઓ શાંતી...શાંતી...શાંતી.

સમાપ્ત.

જાહેર ખબર.

અમે જાહેર કરીએ છીએ કે અમારી સંસાર ના સમાજ કંપનીમાં જે જે ખેલો ભજવાશે તેનાં ઓરે જ્યાં જ્યાં કંપનીનો મુકામ હોય ત્યાંથી મળશે તથા ર ખેલ વખતે ટીકીટ ઓફીસમાંથી મળશે માટે જે ગ્ર સ્થોને જોઇતી હોય તેમણે રોકડી કીમતેમંગાવી લે નોટપેડ કાગળ લેવામાં આવશે નહી.

S H R I P. A. સંસાર નાટક સમાજ કંપની.

